જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૪/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૭ લીટર દેશી દારૂ અને ૧૦ બોટલ ઈંગ્લીશ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૦૫/૧૬**

**કૃષ્ણનગરઃ** વિધ્યાચલ સુરજભગત મોર્ય (રહે.પંચનાથ કોમ્પલેક્ષ કેનાલની બાજુમાં વિરાટનગર ઓઢવ) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી રીતુ (ઉ.વ.૩૨) એ તેના પતિ મનોજ ગોપાલદાસ મોર્ય (રહે.લાભાર્થ સોસાયટી ઠક્કરનગર) અને સાસરીયાના માનસીક તેમજ શારીરીક ત્રાસના કારણે તા.૨૯/૪/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સાસરીમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**બાપુનગરઃ** રમેશભાઈ બુચાભાઈ પટણી (રહે.કડીયાની ચાલી સંતોષી માતાના મંદિર પાસે અસારવા) એ તા.૨૯/૪/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી પાયલબહેન (ઉ.વ.૨૦) ને તેના પતિ અમિતકુમાર નારણભાઈ પટણી (રહે.કાનજી વાઘરીના છાપરાં ચંદુલાલની ચાલી બાપુનગર) અને સાસરીયાના માનસીક તેમજ શારીરીક ત્રાસના કારણે તા.૨૭/૪/૧૬ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે સાસરીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર એમ ગામીત ચલાવે છે.

**ઘરફોડ-** **સમાચાર યાદી નં.૮૦૬/૧૬**

**એલીસબ્રીજઃ** અભિષેક અનિલભાઈ ગાંધી (રહે.વિનસ રેસીડન્સી પ્રિતમનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૪/૧૬ સાંજના ૭/૩૦ થી તા.૨૯/૪/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ વી.એસ.હોસ્પીટલ નજીક મહાકાન્ત કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૩ ના દરવાજાના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ રોકડ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી બી સોનારા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાણીલીમડાઃ** મેહુલભાઈ ચિનુભાઈ મહેતા (રહે.શક્તિ સોસાયટી મકરબા ગામ દિવ્ય ભાસ્કર સામે સરખેજ રોડ) એ તા.૨૯/૪/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૪/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૨૭/૪/૧૬ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા હર્ષ એન્ટરપ્રાઈઝ કંપની લલીતવેર હાઉસ એસ્ટેટ દરવાજાના શટર ઉંચા કરી અજાણી વ્યક્તિ એસ્ટેટમાં પ્રવેશ કરી યુ.એસ.બી.બેટરી બેકઅપ, સી.સી.ટી.વી. કેમેરા,ડી.વી.ડી. મળી કુલ કિમત રૂપિયા ૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એલ પટણી ચલાવે છે.

**રામોલઃ** ભદ્રીકાબહેન નિરવભાઈ પટેલ (રહે.આનંદધામ સોસાયટી વન્ડર પોઈન્ટના ખાચામાં રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૪/૧૬ કલાક ૦૦/૩૦ થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના,ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૦૭/૧૬**

**સરખેજઃ** ઈલ્મુદ્દીન મુનીરૂદ્દીન શેખ (રહે.મોલાનાની ચાલી શેરબા બેકરીની પાછળ મકરબા) એ તા.૨૭/૪/૧૬ રાતના ૧૦/૦૦ વાગે સરખેજ ઉજાલા સર્કલ નજીક સનરાઈઝ હોટલ આગળ શાહ ટ્રેડર્સની સામે પોતાની અશોક લેલેન્ડ ટ્રક નંબર જીજે ૧૯ એક્સ ૦૬૭૨ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૮/૪/૧૬ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ઈલ્મુદ્દીન૪ શેખે તા.૨૯/૪/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ધાધલ્યા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૦૮/૧૬**

**વાડજઃ** હીરાબહેન ગોપાલભાઈ પારધી (ઉ.વ.૫૦) (રહે.ગોવિંદમુખીની ચાલી ગાયત્રી મંદિર પાસે જુના વાડજ) એ તા.૨૮/૪/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પુત્રએ વાપરવા માટે પૈસાની માંગણી કરતા બોલાચાલી થતા મનમાં લાગી આવતા હીરાબહેને પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)